# તમે અનુભવો છો...

## એકલાં હોવાનું?

## કાર્યસ્થળે તમારા હક્કો બાબતે અનિશ્ચિત?

## તમે અંગ્રેજી શીખવામાં મદદ ઇચ્છો છો?

## Usdaw મદદ કરી શકે છે – અમે તમારા કામદાર સંઘ છીએ.

USDAW

## ફાળાનો દર

Usdaw નો સદસ્યતા માટેનો દર કામદાર સંઘ ચળવળમાં સૌથી નીચો છે, માત્ર થોડાં જ પેન્નીઓ પ્રતિ દિવસમાં પ્રથમ શ્રેણીના લાભો અને વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડે છે.

## વધુ માહિતી માટે અથવા Usdaw માં જોડાવા માટે:

- આપની Usdaw પ્રતિનિધીનો સંપર્ક કરો
- આપના સ્થાનિક Usdaw કાર્યાલયનો સંપર્ક કરો
  **0800 030 80 30**
- અમારી વેબસાઇટ
  **www.usdaw.org.uk**ની મુલાકાત લો

આ ચોપાનિયાંમાંની વિગતો છપાયાની તારીખે સાચી છે – 04/2026

USDAW

Usdaw દ્વારા પ્રકાશિત
Voyager Building
2 Furness Quay
Salford Quays
Manchester M50 3XZ

Gujarati

તમારે Usdaw માં જોડાવું જોઇએ તે માટેના છ સારા કારણો
-તમારો કામદાર સંઘ.

# આપે Usdaw માં જોડાવું જોઇએ તે માટેના છ સારા કારણો...

❶ અમે અમારા સભ્યોને તેમના કાર્યસ્થળ પરના હક્કો જાણવામાં મદદ કરીએ છીએ. જેમ કે, શું આપને ખબર હતી કે તમે આ માટેના હક્ક ધરાવો છો:

- વયસ્કો માટે ન્યૂનતમ વેતન. આ દર વર્ષે વધે છે અને એપ્રિલ 2026 થી તે આ મુજબ છે:

  £12.71 પ્રતિ કલાક 21 વર્ષ કે તેથી વધુનાઓ માટે

  £10.85 પ્રતિ કલાક 18-20 વર્ષનાઓ માટે

  £8.00 પ્રતિ કલાક 16-17 વર્ષનાઓ માટે

- એક વર્ષમાં 28 દિવસોની ભરપગાર રજા (એક અઠવાડિયામાં 5 દિવસ કામ કરવા વાળા માટે).

- 11 કલાકનો દૈનિક આરામ.

- મોટા ભાગના કામદારો ત્રણ દિવસની માંદગી પછી માંદગી ભથ્થા માટે હકદાર છે.

❷ અમે અમારા સભ્યોની સમસ્યાઓ પ્રબંધન સમક્ષ ઊઠાવીએ છીએ અને શિસ્તપાલનની સુનાવણીઓમાં આપનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.

❸ અમે અમારા સભ્યોને કાર્યસ્થળે અકસ્માત, ગેરવાજબી બરખાસ્તી અને ભેદભાવના બનાવોમાં મફત કાયદાકીય સલાહ અને પ્રતિનિધિત્વ પૂરું પાડીએ છીએ.

❹ અમે અમારા સભ્યોને અંગ્રેજી, ગણિત અને કમ્પ્યુટર સહિતના વિશાળ શ્રેણીના વિષયો ઉપર મફત તાલીમની મળે તે માટે મદદ કરી શકીએ છીએ.

❺ અમે વંશવાદ વિરુદ્ધ ઝુંબેશ ચલાવીએ છીએ અને બધા કામદારો માટે સમાન વર્તનને ઉત્તેજન આપીએ છીએ.

❻ અમે અમારા સભ્યોના વેતન અને કાર્યસ્થળે અવસ્થાને સુધારવા માટે કામ કરીએ છીએ.

- દરેક જણ કામદાર સંઘમાં જોડાઇ શકે છે.
- આપને કામદાર સંઘમાં જોડાવાનો કાયદાકીય હક્ક છે.
- આપે આપના નોકરીદાતાને એ જણાવવાની જરુર નથી કે આપ એક કામદાર સંઘના સભ્ય છો.
- આપના એક કામદાર સંઘના સભ્ય હોવાને કારણે કોઇનું પણ આપની વિરુધ્ધ ભેદભાવ કરવું એ ગેરકાયદેસરનું છે.